જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૫/૨૦૧૮ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૭૦૬ લીટર દેશી દારૂ, ૨૬૯ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૬/૧૮**

**મેઘાણીનગરઃ** મનીષભાઈ શિવલાલ ચૌહાણ (રહે.ગવર્નમેન્ટ ઓફીસર કોલોની મીના બજાર ચાર રસ્તા પાસે મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૧૮ કલાક ૧૧/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૫૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી વી.એસ.સિંઘવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૭/૧૮**

**નારોલઃ** ઓનકારસિંહ જગદિશસિંહ સિંઘ (ઉ.વ.૪૮) (રહે.ઓમશાંતિનગર નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૫/૧૮ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા ધર્મભુમી બગ્લોઝ અંબુજા ફેક્ટરી સામે ત્રણ રસ્તા પર આવેલ મહાદેવ મેડીસીન દુકાનમા પાછળના ભાગમાં આવેલ રૂમમાં પંખાના હુકમાં દોરડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમસિંહ અમરસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સંદીપભાઇ રમેશભાઇ રાજપુત પથટીયા (ઉ.વ.૨૦) (રહે. મણીબેનની ચાલી ભીલવાસ સોસાયટી પાછળ ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૫/૧૮ રાતના ૧/૩૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમૃતભાઈ જીવાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.